| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અંકલેશ્વર | ૩૯.૦° સે. | ૨૦.૦° સે. |
| બારડોલી | ૩૭.૦° સે. | ૧૯.૦° સે. |
| ભરૂચ | ૩૯.૦° સે. | ૨૦.૦° સે. |
| વ્યારા | ૩૭.૦° સે. | ૧૯.૦° સે. |

# બારડોલી-વ્યારા-ભરૂચ

ગુજરાતમિત્ર

બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | ભરૂચ : ૯૪૮૪૯૯૬૩૨૪




## સંક્ષિપ્ત સમાચાર

### દિવાળીને પગલે સુરત જિલ્લા પોલીસ એલર્ટ


ઈલ્યાસ શેખ, વિશાલ પટેલ

પલસાણા, કામરેજ: આગામી દિવાળી અને નૂતન વર્ષના તહેવારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા સુરત જિલ્લા પોલીસ સંપૂર્ણ એક્શન મોડમાં આવી છે. લૂંટ અને ચોરી જેવા ગુનાઓ અટકાવવાના આગોતરા આયોજનના ભાગરૂપે કામરેજ ખાતે સુરત જિલ્લા પોલીસ વડા (SP) રાજેશ ગઢિયાની અધ્યક્ષતામાં વિશેષ બેઠક યોજાઈ હતી. આ મહત્ત્વની બેઠકમાં આંગડિયા પેઢીના સંચાલકો, જ્વેલર્સ અને બેંક મેનેજરો મળીને આશરે ૩૦૦ જેટલા લોકો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન SP રાજેશ ગઢિયાએ તમામ આંગડિયા પેઢીઓ, બેંકો અને સોના-ચાંદીના શોરૂમ ખાતે ઉચ્ચ ગુણવત્તાવાળા સીસીટીવી કેમેરા કાર્યરત રાખવા તેમજ સક્ષમ સુરક્ષા ગાર્ડ તૈનાત કરવા કડક સૂચના આપી હતી. તહેવારોની ભીડમાં અસામાજિક તત્ત્વો, ચેન સ્નેચરો અને ખિસ્સાકાતરૂઓ પર નજર રાખવા એલસીબી અને એસઓજીની ટીમો સાદા ડ્રેસમાં રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરશે.

### વેલદા ગામે ટેમ્પો અને ટ્રક વચ્ચે અકસ્માત



કુકરમુંડા: નિઝરના વેલદા ગામમાંથી પસાર થતા નિઝર-ઉચ્છલ રાજ્ય માર્ગ પર આઇસર ટેમ્પો અને ટાટા ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટાટા ટ્રક સાથેના ક્લીનરને સામાન્ય ઈજા પહોંચી હતી. ઉત્તર પ્રદેશના અમેઠીના ગૌરીગંજના નરૌલી ગામનો રહેવાસી ઝાકીર હુસેન ટેમ્પો નં.(UP-36-T-7044) ચલાવી રહ્યો હતો. દરમિયાન વાહન પૂરઝડપે હંકારી સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ટેમ્પો રસ્તાની ખોટી બાજુએ જઈ મનોજ રામદાસ મોહને (ઉં.વ.૪૭) (રહે.,નિઝામપુર, જિ.ધુલિયા, મહારાષ્ટ્ર)ના કબજાની ટાટા કંપનીની એલપી ટ્રક નં.(MH-12-DT-1649) સાથે અથડાયો હતો. આ અકસ્માતમાં ટ્રક સાથેના ક્લીનરને સામાન્ય ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે નિઝર પોલીસે ટેમ્પો ચાલક ઝાકીર હુસેન વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ખલીપોરમાં ઝેરી દવા પીતાં શ્રમિકનું મોત

સાયણ: ઓલપાડના ખલીપોર ગામે ગ્રા.પં. ફળિયામાં કિરણ મહેશભાઇ રાઠોડ (ઉં.વ.૨૫) રહી ખેતમજૂરી કરતો હતો. તેણે ગત તા.૨૫ના રોજ રાત્રે-૯:30 કલાકના સુમારે અગમ્ય કારણોસર ગામના ખેડૂત ધર્મેન્દ્રભાઈ નરોતમભાઇ પટેલના તબેલાની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં ખેતરમાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી હતી. જેથી તેને સાયણની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે સુરત ખાતેની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ચાલુ સારવાર દરમિયાન બીજા દિવસે મોડી સાંજે હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે કિરણ રાઠોડને મૃત જાહેર કર્યો હતો.

### નેત્રંગના ટીંમરોલીયામાં દારૂ ઝડપાયો

નેત્રંગ: નેત્રંગ પોલીસે તહેવારો નિમિત્તે હાથ ધરેલા પ્રોહિબિશન પેટ્રોલિંગ દરમિયાન ટીંમરોલીયા ગામે દરોડો પાડ્યો હતો. બાતમીના આધારે લિસ્ટેડ બુટલેગર દયારામ રતિલાલ વસાવાના ઘર પાછળથી રૂ.૧૪,૪૦૦ની કિંમતની વિદેશી દારૂની ૯૬ બોટલ મળી આવી હતી. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી આરોપીને વોન્ટેડ જાહેર કરી કાર્યવાહી હાથ ધરી છે.

### તરાજ પાસે વાહન અડફેટે આધેડનું મોત

પલસાણા: પલસાણાના તરાજમાં નેશનલ હાઈવે નં.૫૩ પર અજાણ્યા વાહનની અડફેટે રાહદારીનું મોત નીપજ્યું છે. તા.૨૬ ઓક્ટોબરે સવારે ૮:30 વાગ્યે હજીરાથી બારડોલી જતા માર્ગ પર તરાજ કટ સામે ૫૩ વર્ષીય બચુભાઈ છીબાભાઈ રાઠોડ ચાલીને પસાર થઈ રહ્યા હતા. આ સમયે પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવેલો અજાણ્યો વાહન ચાલક તેમને ટક્કર મારી પલસાણા તરફ ભાગી છૂટ્યો હતો. ગંભીર ઈજા પામેલા બચુભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડાતાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે મૃતકની પુત્રી ચંપાબેન રાઠોડે પલસાણા પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી પી.એસ.આઇ. અજયપાલસિંહ કરણસિંહ રાઉલજીને તપાસ સોંપી છે.

### બારડોલીમાં પ્રવીણ તોગડિયાની મુલાકાતથી હિન્દુ સંગઠનોમાં વિવાદ

બારડોલી: આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.પ્રવીણ તોગડિયાની બારડોલી મુલાકાત બાદ હિન્દુ સંગઠનો વચ્ચે આંતરિક વિવાદ સર્જાયો છે. તોગડિયાના રાત્રિ રોકાણ અંગે વિશ્વ હિન્દુ પરિષદના વિપુલ પારેખે ફેસબુક પર એક વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી, જેમાં તેમણે આ મુલાકાત માત્ર ડોનેશન ઉઘરાવવા માટે છે કે કેમ તેવો પ્રશ્નાર્થ કર્યો હતો. આ પોસ્ટથી હિન્દુ કાર્યકરોમાં ભારે રોષ ફેલાયો હતો. જેના પરિણામે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાનિક અગ્રણી પ્રેમ નારાયણ પાંડેએ વિપુલ પારેખ વિરુદ્ધ બારડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટનાથી બારડોલીમાં બંને સંગઠનો વચ્ચેનો અણબનાવ ખુલ્લેઆમ સપાટી પર આવ્યો છે.

### મઢી પાસે નહેરમાં બાઇક પડતાં યુવકનું મોત

બારડોલી: બારડોલીના સુરાલી ગામે બાવળી ફળિયામાં રહેતા અને મૂળ વ્યારાના આંબીયા ગામના જયેશભાઈ રામસિંગભાઈ ચૌધરી (ઉં.વ.40) ગત 24 ઓક્ટોબરે રાત્રે મઢી કડોદ રોડ પરથી મોટરસાઇકલ પર પસાર થઈ રહ્યા હતા. એ સમયે કાકરાપાર ડાબા કાંઠા નહેરના પુલ પરથી પસાર થતી વખતે તેમણે સ્ટિયરિંગ પરથી નિયંત્રણ ગુમાવી દેતાં મોટરસાઇકલ સાથે નહેરના પાણીમાં ખાબક્યા હતા. આ અકસ્માતમાં પાણીના તેજ પ્રવાહમાં તણાઇ ગયા હતા. શોધખોળ બાદ તેમનો મૃતદેહ 26મીએ રાત્રે કાંટી ફળિયા પુલ પાસે નહેરના પાણીમાંથી મળી આવ્યો હતો. આ અંગે બારડોલી ગ્રામ્ય પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કોસંબા-માંગરોળ-ઝંખવાવ માર્ગ પર વૃક્ષોના રંગરોગાનથી શોભા વધી

વાંકલ: માર્ગોની સુંદરતા, સ્વચ્છતા અને વાહનચાલકોની સલામતીમાં વધારો કરવાના હેતુસર સુરતના માર્ગ અને મકાન વિભાગ-૨ દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત જિલ્લાના વ્યસ્ત એવા કોસંબા-માંગરોળ-ઝંખવાવ માર્ગ પર આવેલાં વૃક્ષોના થડ પર ગેરુ તથા ચૂનાનું રંગકામ કરવાની કામગીરી કરી દેવામાં આવી છે. વર્તમાન સમયમાં વાહનવ્યવહાર સુરક્ષિત બને અને રાત્રિના કે ધુમ્મસના સમયે પણ માર્ગની સ્થિતિ સ્પષ્ટ દેખાય તે અત્યંત આવશ્યક છે. આ બાબતને ધ્યાનમાં રાખીને માર્ગની બાજુના વૃક્ષો વાહનચાલકો અને રાહદારીઓને સ્પષ્ટપણે દૃશ્યમાન રહે તે માટે વિશેષ આયોજન કરાયું હતું. આ કામગીરી હેઠળ વૃક્ષોના થડના નીચેના ભાગમાં ગેરુ તથા ઉપરના ભાગમાં ચૂનાનું સુવ્યવસ્થિત અને આકર્ષક રંગકામ કરવામાં આવ્યું છે.

## બારડોલી સુગર ચૂંટણી વિવાદમાં મુદત

**વિજેતા** ઉમેદવારોએ વકીલ નિયુક્ત કરવા માટે સહકારી ટ્રીબ્યુનલ સમક્ષ અરજી આપી હતી

**આગામી** 7મી ડિસેમ્બરના રોજ મુદત મુકરર કરવામાં આવી



બારડોલી: બારડોલી સ્થિત શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડ, બાબેનની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં થયેલા નિયમ ભંગ મામલે મંગળવારે ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ સમક્ષ મહત્ત્વની સુનાવણી થવાની હતી, જેમાં સુનાવણીમાં બંને પક્ષના વકીલો દ્વારા પ્રાથમિક રજૂઆતો કરવામાં આવી હતી. વિજેતા ઉમેદવારોએ વકીલ નિયુક્ત કરવા માટે ટ્રીબ્યુનલ સમક્ષ અરજી આપતાં હાલ પૂરતી મુદત આગામી 7મી ડિસેમ્બરના રોજ મુકરર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ વિવાદની શરૂઆત તા.18 ઓગસ્ટ-2026ના રોજ જાહેર થયેલા ચૂંટણી પરિણામો બાદ થઈ હતી. પલસાણાના ગંગાધરાના રહેવાસી યોગેશભાઈ ચંપકભાઈ પટેલ અને રૂવાના રહેવાસી મનીષકુમાર સુરેશચન્દ્ર પટેલ દ્વારા ચૂંટણી પરિણામોને પડકારતી ઈલેક્શન પિટિશન દાખલ કરવામાં આવી છે. આ પિટિશન ધી ગુજરાત કો.ઓ. સોસાયટી એક્ટ-1961ની કલમ 145-યુ હેઠળ દાખલ કરાઈ છે, જેમાં ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર જિજ્ઞા પરમાર સહિત જૂથ 1થી 11ના તમામ વિજેતા ઉમેદવારો સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

અરજદારોની મુખ્ય રજૂઆત એ છે કે, આ ચૂંટણીમાં એક જ મતદારને અન્ય મતદાર જૂથોમાં પણ મતદાન કરવા દેવાની છૂટ આપીને નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે. 1982ના ગુજરાત સ્પેસિફાઈડ કો.ઓ. સોસાયટીઝ ઈલેક્શન ટુ કમિટી રૂલ્સના નિયમ 3એ(8) અને ગુજરાત હાઈકોર્ટના ફુલ બેન્ચના ચુકાદા મુજબ દરેક મતદાર ફક્ત પોતાના જ નિર્ધારિત જૂથ કે મતદાર મંડળમાં જ મતદાન કરી શકે તેવી સ્પષ્ટ જોગવાઈ છે. આમ છતાં, સરકારી પરિપત્રો અને પ્રસ્થાપિત કાનૂની સિદ્ધાંતોનો સરેઆમ ભંગ કરી ગેરરીતિ કરાઈ હોવાથી ચૂંટણીનાં વાસ્તવિક પરિણામો પર ગંભીર અસર પડી છે. પિટિશનમાં માંગ કરવામાં આવી છે કે જૂથ નં.1થી 11નું સમગ્ર ચૂંટણી પરિણામ રદબાતલ ઠરાવવામાં આવે અને નિષ્પક્ષ રીતે ફરીથી ચૂંટણી યોજવામાં આવે. આજની સુનાવણીમાં સા માવાળાઓએ અરજીની નિયુક્તિ કરવા માટે ટ્રીબ્યુનલ સમક્ષ અરજી કરી હતી.

જેને માન્ય રાખી ટ્રીબ્યુનલ દ્વારા હવે આગામી 7મી ડિસેમ્બરની મુદત આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. હવે આગામી 7મીના રોજ યોજાનારી વધુ સુનાવણીમાં સામાવાળા પક્ષકારો તરફથી બચાવ અને કાનૂની દલીલો રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે, જેના પર સમગ્ર સહકારી ક્ષેત્રની નજર મંડાયેલી છે.



## કન્યાસીમાં ખેતીની વીજ લાઇનના વાયર ચોરાયા

**કઠોદરા** બાદ હવે કન્યાસી ગામે તસ્કરો સક્રિય

કીમ: સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીવાડીની વીજલાઇનના વાયર ચોરી કરતી ટોળકી સક્રિય થતાં ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી તસ્કરો દ્વારા વીજવાયરોની ચોરીની ઘટનાઓને અંજામ આપવામાં આવી રહ્યો હોવાની વિગતો સામે આવી છે.

ઓલપાડના કઠોદરા ગામની સીમમાં અગાઉ 43 ગાળાના વીજવાયરોની ચોરીની ઘટના સામે આવ્યા બાદ હવે કન્યાસી ગામે પણ તસ્કરોએ હાથફેરો કર્યો છે. કન્યાસી ગામે ખેતીવાડીની વીજલાઇનના વધુ 22 ગાળાના વાયર ચોરી થતાં ખેડૂતોને મોટું નુકસાન થવાની ભીતિ ઊભી થઈ છે. એક બાદ એક ગામોમાં વીજવાયરોની ચોરીની ઘટનાઓ સામે આવતાં ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. ખેતીવાડી માટેની વીજલાઇનના વાયર ચોરાઈ જતાં ખેડૂતોને સિંચાઈની કામગીરીમાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. સતત બની રહેલી ચોરીની ઘટનાઓને પગલે તસ્કરોને ઝડપી પાડવા અને ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રિ પેટ્રોલિંગ વધારવાની માંગ ઊઠી રહી છે.

### ટીચકપુરા પાસે બાઈક પરથી પડી જતાં એકનું મોત, એક ઘાયલ

વ્યારા: વ્યારાના ટીચકપુરામાં બાઈક પરથી પડી જતાં ચાલકનું મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક પર સવાર અન્ય એક શખ્સને ઈજા પહોંચી હતી. મળતી માહિતી મુજબ ગત તા.26-10-2026ના રોજ સમાધાનભાઈ છોટુભાઈ પાટીલ (રહે.,ત્રિકમનગર, લિંબાયત, સુરત શહેર) પોતાના કારીગર જયેશભાઈ રવીન્દ્રભાઈ પાટીલ (ઉં.વ.21) (ધંધો-મજૂરીકામ) (રહે.,ઘર નં.126, રણછોડનગર, લિંબાયત, સુરત શહેર) સાથે પોતાની બાઈક નં.(GJ 04 PU 6278) લઈને સોનગઢથી સુરત જઈ રહ્યા હતા. દરમિયાન સાંજના સવા સાત વાગ્યાના અરસામાં વ્યારાના ટીચકપુરા પાસે એક ટ્રક મોટરસાઈકલને પાછળથી ઓવરટેક કરી રહી હતી ત્યારે મોટરસાઈકલ બેકાબૂ થઈ જતાં રોડ પર પડતાં બાઈક ચાલક સમાધાનભાઈને માથામાં ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેસેલા જયેશ પાટીલને શરીર પર નાની મોટી ઈજા થતાં વ્યારા UNM હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો.

## માંગરોળના બણભા ડુંગર ઉપર અસભ્ય હરકતનો વિડીયો વાયરલ

**યુવક**-યુવતીનો અશોભનીય વિડીયો વાયરલ થતાં સ્થાનિકોમાં રોષ


વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળ તાલુકાનાં ઓગણીસા, રટોટી અને સણધરાની સીમમાં કુદરતી સૌંદર્યથી ભરપૂર અને આદિવાસી સમાજની આસ્થાનો કેન્દ્ર એવો બણભા ડુંગર (બણભા દાદાનું સ્થાનક) આવેલો છે. આ કુદરતી સ્થળ હોવાથી મોટી સંખ્યામાં સહેલાણીઓ અને પ્રવાસીઓ અહીં મુલાકાતે આવે છે. પરંતુ તાજેતરમાં કેટલાક પ્રવાસીઓ દ્વારા ભાન ભૂલીને અહીં અશ્લીલ અને અભદ્ર હરકતો કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. જેના કારણે સ્થાનિક આદિવાસીઓમાં ભારે રોષ ફેલાયો છે.

બણભા ડુંગર જેવા પવિત્ર આદિવાસી દેવસ્થાન પર એક યુવક-યુવતીનો ખોળામાં બેસાડી અશ્લીલ હરકતો કરતો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આદિવાસી સમાજના લોકો બણભા દાદાને દેવ તરીકે પૂજે છે અને ત્યાં કણી (અનાજ) ચઢાવીને શ્રદ્ધા વ્યક્ત કરે છે. આવા શ્રદ્ધાના પ્રતીકસમાન સ્થાન પર કેટલાક યુવાનો દ્વારા મર્યાદા ઓળંગીને અસભ્ય કૃત્યો કરવામાં આવતાં સ્થાનિક રહેવાસીઓની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી છે.

સ્થાનિક આદિવાસી આગેવાન પ્રકાશ ગામીત અને ગ્રામજનોના જણાવ્યા અનુસાર પ્રવાસીઓ ડુંગર પર કુદરતી સૌંદર્યની મજા માણવા અને દાદાના દર્શન કરવા માટે આવે તેનું સ્વાગત છે, પરંતુ પવિત્ર સ્થળની મર્યાદા ભંગ કરવી સાંખી લેવામાં નહીં આવે. આ સમગ્ર મામલે બણભા ડુંગર વિકાસ ટ્રસ્ટ મંડળે જાહેર ચેતવણી જારી કરી છે. ટ્રસ્ટ દ્વારા સ્પષ્ટ જણાવાયું છે કે, બણભા ડુંગર અમારું આદિવાસીઓનું આસ્થાનું કેન્દ્ર અને દેવસ્થાન છે. જો કોઈ વ્યક્તિ દ્વારા અશ્લીલ હરકતો કે અભદ્ર કૃત્ય કરતો વિડીયો કે ફોટોગ્રાફી કરવામાં આવશે, તો તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. સ્થાનિક વહીવટી તંત્ર અને ટ્રસ્ટ દ્વારા પ્રવાસીઓને આ પવિત્ર સ્થળની પવિત્રતા જાળવી રાખવા માટે અપીલ કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### આસ્થા પાસે ખાંડ ભરેલી ટ્રકમાં આગ લાગી


વિશાલ પટેલ

કામરેજ: કામરેજના આસ્થામાં મુંબઈ-અમદાવાદ એક્સપ્રેસ હાઇવે પર ખાંડ ભરેલી ટ્રક નં.(એમએચ 16 સીડી 5552)માં પાછળના ભાગે અચાનક આગ લાગતાં ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવવા પ્રયાસ હાથ ધર્યા છે. જોકે, આ ઘટનામાં કોઈને પણ જાનહાનિ થઈ ન હતી.

### આદિવાસીઓનો ૩૧મી ઓક્ટોબરે ચાલો કેવડિયાનો હુંકાર

વ્યારા: રાજ્યમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં વિકાસના નામે આવનારા વિવિધ સરકારી અને ખાનગી પ્રોજેક્ટનો આદિવાસીઓ દ્વારા જોરશોરથી વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગતરોજ વ્યારા ખાતે આદિવાસી સમાજના આગેવાનોએ સૌ આદિવાસી સમાજના લોકોને આંદોલનો માટે આહવાન કરવામાં આવ્યું હતું, જેમાં રાજકીય અને સામાજિક આગેવાનોને જોડાવા અપીલ કરવામાં આવી છે. નેશનલ હાઈવે નં.૫૬, ઇસર, આમલી અને લાખી ડેમ સહિતના પ્રોજેક્ટ્સ માટે આદિવાસીઓની જમીન સંપાદન કરવામાં આવી હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવી રહ્યો છે. ઉપરાંત તાજેતરમાં વ્યારાના ખુશાલપુરા ગામે સૂચિત NTPC પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ અને GIDC સામે પણ આદિવાસીઓ દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા સોનગઢ અને ઉકાઇ તાલુકામાં સોલાર પ્રોજેક્ટ તેમજ ઉચ્છલ તાલુકામાં ગ્રીન GIDC પ્રોજેક્ટ ના નામે આદિવાસીઓને વિસ્થાપિત કરવાની હિલચાલ ચાલી રહી છે. ત્યારે 31મી ઓક્ટોબરે કેવડિયામાં નરેન્દ્ર મોદી આદિવાસીઓના મનની વાત સાંભળે તે માટે સૌ આદિવાસીઓને કેવડીયા ચાલોનું આહવાન કરવામાં આવ્યું છે.

### કુકરમુંડાના કેવડામોઈ ખાતે 'આદિવાસી ન્યાય યાત્રા'નું ભવ્ય સ્વાગત



કુકરમુંડા: આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આયોજિત 'આદિવાસી ન્યાય યાત્રા' સોમવાર, તા.૨૬ ઓક્ટોબરે તાપી જિલ્લાના કુકરમુંડાના કેવડામોઈ ખાતે પહોંચી હતી. જ્યાં ભવ્ય સ્વાગત કરાયું હતું. યાત્રાના આગમન સમયે મોટી સંખ્યામાં લોકોની જનમેદની ઉપસ્થિત રહી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ચૈતર વસાવાનાં પત્ની વર્ષા વસાવાએ ઉપસ્થિત લોકોને સંબોધિત કર્યા હતા. ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આદિવાસી ન્યાય યાત્રાનું આયોજન ઉમરગામથી અંબાજી સુધી કરવામાં આવ્યું છે. ધારાસભ્ય ચૈતર વસાવાની પત્નીઓ વર્ષા વસાવા અને શકુંતલા વસાવાની આગેવાની હેઠળ નીકળેલી આ યાત્રામાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી સહિત પાર્ટીના વિવિધ આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો અને સ્થાનિક લોકો જોડાઈ રહ્યા છે.

## ઈશનપોર ગામની રોયલ પાર્ક સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

**રૂ.૯૨ હજારનાં** સોના-ચાંદીનાં ઘરેણાંની ચોરી થતાં ફરિયાદ

સાયણ: ઓલપાડ પોલીસ મથકની હદમાં પેધા પડેલા તસ્કરોનો બંધ મકાનને નિશાન બનાવી ચોરી કરવાનો સિલસિલો આજે પણ છે. ગત તા.૨૦ ઓક્ટોબરના રોજ ઓલપાડ કાંઠાના દાંડી ગામે રહી માછીમારી કરતા બુધિયાભાઈ ખલાસીના બંધ મકાનને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી રૂ.૪.૯૦ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી ગુનાનો ભેદ પોલીસ ઉકેલે તે પહેલા ઈશનપોર ગામની સીમની સોસાયટીના વધુ એક બંધ મકાનમાંથી અજાણ્યા તસ્કરોએ રૂ.૯૨,૩૫૪ની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા છે. જેના પગલે દિવાળી વેકેશન દરમિયાન પોતાનું મકાન બંધ કરી વતનમાં જવા થનગનતા પરપ્રાંતિ લોકોમાં ફફડાટનો માહોલ ફેલાયો છે.

ઈશનપોરમાં રોયલ પાર્ક સોસાયટી વિભાગ-૩ના ઘર નં.૮૧માં હર્ષદ જીવાભાઈ નાયી (ઉં.વ.૩૬) રહે છે. નોકરી કરતા હર્ષદ નાયીનું મકાન ગત તા.૧૮ ઓક્ટોબરે બંધ હતું. દરમિયાન તા.૧૮ની મોડી સાંજથી બીજા દિવસની મોડી રાત્રિના સમયગાળા વચ્ચે તસ્કરો તેના બંધ મકાનને નિશાન બનાવી કોઈ સાધન વડે ઘરના દરવાજાનો નકૂચો તોડી ઘરમાં ઘૂસ્યા હતા. આ તસ્કરોએ ઘરના બેડરૂમમાં પહોંચી લાકડાંના કબાટના ખાનામાં મૂકેલી થેલીમાંથી સોના-ચાંદીના દાગીના પૈકી આશરે ૧૫.૯૭૦ ગ્રામ વજનની સોનાની ચેન નંગ-૧, કિં.રૂ.૮૪,૮૩૨, સોનાની ૧.૧૬૦ ગ્રામ વજનની બુટ્ટી, કિં.રૂ.૩,૨૦૦, એક જોડ ૨૬.૧૦૦ ગ્રામ વજનની ચાંદીની પાયલ, કિં.રૂ.૨,૫૬૯, ચાંદીની ૬.૨૦૦ ગ્રામ વજનની એક ચેઈન, કિં.રૂ.૧,૦૧૩, નાકમાં પહેરવાની ચાંદીની વાળી, કિં.રૂ.૭૪૦ મળી કુલ રૂ.૯૨,૩૫૪ની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીની આ ઘટના બાબતે હર્ષદ નાયીએ ગત તા.૨૬ના રોજ અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે દાગીનાની ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ મહિલા પીએસઆઇ એસ.જે. ચૌધરી કરી રહ્યા છે.

### દેલાડમાં શ્રમિક આધેડનું હાર્ટએટેક આવતાં મોત

સાયણ: મૂળ ઉત્તરપ્રદેશના બસ્તીનો શ્રમિક આધેડ શિવકરન રામસરન ચોરસીયા (ઉં.વ.૫૧) હાલ ઓલપાડના દેલાડમાં હેમલતા ટેક્સટાઇલ્સ પાસેની ચીકુવાડીમાં રહી ત્યાં મજૂરીકામ કરતો હતો. શિવકરન ચોરસીયાને તાવ આવતો હોવાથી ગત તા.૨૪ના રોજ રાત્રે ૧૦:૩૦ કલાકે સાયણ ખાતેની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો. જ્યાં બે દિવસ પછી ચાલુ સારવાર દરમિયાન શિવકરનને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. દરમિયાન તેનાં હૃદય ઉપર જોરદાર એટેકનો હુમલો થતાં તેનું બપોરના સુમારે હાર્ટએટેકથી મોત થયું હતું. આ બાબતે મૃતકના વતનના ગામના બૈજનાથ સત્યનારાયણ ચોરસીયાએ ઓલપાડ પોલીસને જાણ કરી હતી. જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. મનોજ ગોવિંદ કરી રહ્યા છે.

## હથોડાના 7 હજાર લોકોને આરોગ્ય સેવા મળશે

**31 મીએ** સબ સેન્ટર દવાખાના સહિત વિકાસ કાર્યોનું ધારાસભ્ય ગણપત વસાવાના હસ્તે ઉદઘાટન થશે


ઈબ્રાહીમ કાનુ

હથોડા: હથોડા ગામે આશરે 7,000ની વસતી ધરાવતા વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓની વર્ષો જૂની માંગ આખરે સંતોષાઈ છે. ગ્રામજનોને મધ્યરાત્રિએ પણ ઈમરજન્સી આરોગ્ય સુવિધાઓ ઘરઆંગણે જ મળી રહે તે માટે મહિલા સરપંચ અફસાના હુસેન આરફ અને સુરત જિલ્લા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ હુસેન આરફના ભગીરથ પ્રયાસોથી રૂ.35 લાખના ખર્ચે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સબ સેન્ટરનું મકાન તૈયાર કરાયું છે. આ સબ સેન્ટર તેમજ આંગણવાડી અને પ્રાથમિક શાળા સહિત કુલ સવા કરોડ રૂપિયાના ખર્ચે સંપન્ન થયેલા વિવિધ વિકાસ કાર્યોનો લોકાર્પણ સમારોહ આગામી 31મી તારીખે માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાના હસ્તે યોજાશે. આ ઉદઘાટન સમારોહમાં અફઝલ ખાન હબીબ ખાન પઠાણ તેમજ જિલ્લા ભાજપના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહેશે. લાંબી પ્રતીક્ષા બાદ ગામમાં જ આરોગ્ય અને શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ થતાં સમગ્ર હથોડા ગામમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે.